સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ખાણ-ખનીજના કમિશનમાં રાચે છે સરકાર!
મોંઘવારીના અંગારે છાંટે છે પેટ્રોલ સરકાર!
સરકારમાં કંટ્રોલ નથી કોઇનો કોઇના પર -
એકબીજાના ટેકે ટકી રહી બિમાર સરકાર!

હાઈકુ

નગરે પણ,
'મહાત્મા મંદિર' નો
બંધાયો 'હાથી'
('માયા' લાગી રે..)

ન રહ્યો 'અર્થ'
મૂંગા મનમોહન -
ન રહ્યાં 'શાસ્ત્રી'!
(પ્રો. અર્થશાસ્ત્રી?!)

ચિંતન

મૃગા મૃગૈઃ સંગ્વનનુવ્રજન્તિ, ગાવશ્ચ ગોભિસ્તુરગા સ્તુરંગૈઃ ।
મૂર્ખાશ્ચ મૂર્ખૈઃ સુધિય સુધીભિઃ સમાન શીલવ્યસનેષુ સખ્યમ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક ભૂતનું સ્થાન પીપળો, દરેક વ્યક્તિ પોતાના સ્તર-સ્વભાવ-જાતિ-જ્ઞાતિ મુજબ પોતાનો સાથી-મિત્ર શોધી જ કાઢતા હોય છે એ સંદર્ભમાં છે :-

અર્થ :- 'મૃગો પોતાના ટોળામાં-ટોળાંની સાથે જ રહે છે, ગાયો પોતાના ધણમાં અન્ય ગાયો સાથે જ સંપીને રહે છે, ઘોડાઓ, ઘોડાઓની સાથે એકજૂથ રહે છે, મૂર્ખાઓને પોતાની બુધ્ધિસ્તરના મૂર્ખ સાથે જ મૈત્રી થાય છે, અને બુધ્ધિશાળી ને બુધ્ધિશાળી સાથે જ ફાવટ આવે છે.. કારણ કે મૈત્રી હંમેશા સ્માન સ્તરનાં વિચાર, બુધ્ધિ સરખાં સુખ-દુખ, અને સ્વભાવ પણ સરખાં હોય તેમની સાથે જ થાય છે ટકી જાય છે..'

વ્યક્તિ-વ્યક્તિની ટેવો-સ્વભાવ-બુધ્ધિનું સ્તર અલગ-અલગ હોય છે. ઘરમાં-પરિવારમાં કે હોસ્ટેલ રહેતા મિત્રો-વિદ્યાર્થીઓ જયારે સાથે રહેવાનું હોય ત્યારે એકમેકને અનુકૂળ થઇને, એડજસ્ટમેન્ટથી રહેવું પડે, આને પરિણામ પોતાના સ્વભાવ પ્રમાણે મિત્રો શોધીને લોકો સામ્ય જોઇ સાથે રહેતો હોય.

આજે મૈત્રી-લગ્નો સફળ નથી થતાં એનું કારણ આ જ છે. ઉતાવળમાં-આકર્ષણમાં બુધ્ધિનું સ્તર, સ્વભાવ, ટેવો જોવાતી નથી અને પછી પશ્ચાતાપ થાય છે.

સુવિચાર

- *સત્યને શબ્દો દ્વારા સમજાવી શકાતું નથી એ માત્ર હોય છે* - **જે. કૃષ્ણમૂર્તિ**
- *ઔષધની જેમ અનુચિત સ્થળ પર પ્રયોજાયેલું સત્ય પણ વિષ થઇ જાય છે, આપણી સમાજ વ્યવસ્થા જ એવી છે કે એમાં પ્રયોજાતું સત્ય અધિકતર સ્થાનોમાં વિષનું કામ કરે છે* - **હજારી પ્રસાદ દ્વિવેદી**
- *સત્યનું સ્થાન 'હૃદય' છે મોઢું નથી* - **શરદ બાબુ**
- *સત્ય એક વિશાળ આમ્રવૃક્ષ છે તેની જેમ જેમ વધારે સેવા કરવામાં આવે તેમ તેમ તેમાં અનેક મધુર ફળ બેસે છે* - **ગાંધીજી**
- *સત્ય અને દયાનો ત્યાગ ન કરો અને સદાય હૃદય પટલ પર ધારણ કરો* - **બાઇબલ**
- *સત્યને જેટલું દબાવવાનો પ્રયત્ન કરવામાં આવશે તેના બમણાં આવેગથી તે પ્રકટ થશે* - **બ્રાયન્ટ**
- *સત્યનો અનાદર એટલે, માનવ સમાજનાં સ્વાસ્થ્યમાં ખંજર...* - **એમર્સન**

બોધકથા

આજે માણસની આંખ, હૃદય, વિચાર અને ક્રિયામાં કયાંય સંવેદનશીલતા રહી નથી. સ્વાર્થ માટે મા, પુત્રીને પણ મારી નાખે (આરૂષિ), આબરૂ માટે પિતાઓ પુત્રીના પ્રેમીને મારી નાખે, જર-જમીન-જોરૂ માટે તો કરણીણ હત્યાઓ થાય જ છે, સ્મિત-હાવભાવ શબ્દો બનાવટી થઇ ગયાં છે સામી વ્યક્તિ તમારા દંભને ઘરાર પકડી લ્યે છતાં આપણે દંભ છોડતાં નથી..!

સોક્રેટીસ એક શેઠ પાસે ફંડ-ફાળો લેવા ગયા. ફાળો તો આપવાના જ હતા પણ સોક્રેટીસનું જ્ઞાન ચકાસવા પૂછ્યું. જુઓ મારી બે આંખમાંથી એક આંખ ખોટી છે. કઇ ખોટી છે એ ફટાફટ કહી દો..

સોક્રેટીસ બોલ્યા તમારી 'જમણી' આંખ ખોટી છે.. શેઠને આશ્ચર્ય થયું. જવાબ તો સાચો હતો, પણ કસોટીનું કારણ જાણવા પૂછ્યું - તમે કેવી રીતે નક્કી કર્યું કે જમણી આંખ જ ખોટી છે?

જૂઓ તમારી ડાબી આંખમાં ધનવાનપણાનો દંભ દોડે છે, ખોટી લાગણીની ભિનાશ છે, જયારે તદ્દન કોરી, નિર્દોષ દેખાતી આંખ જેને જમાનાનાં દૂષણોએ જેનો સ્પર્શ નથી કર્યો એ આંખ જ 'ખોટી' હોઇ શકે..!

મા-બાપ અને વરિષ્ઠ નાગરિકોના નિભાવ-કલ્યાણ કાયદો-૫૬-૨૦૦૭ અને નિયમો ૨૦૧૧

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ

- અમૃતભાઇ મોઢ

(૧) નિયમ-૧૨ (૧) : ***જિલ્લા મેજિસ્ટ્રેટની ફરજો અને સત્તાઓ.***

આ બાબતે દરેક જિલ્લામાં નિયમ - ૧૩ અને ૧૪ હેઠળ કયા કયા અધિકારીઓને નિયુક્તિ થઇ છે અને કયા અધિકારીને કઇ બાબતે, કઇ ફરજ અને જવાબદારી સોંપી ગણાય તે બાબતે જાહેર હિતમાં અમારા ટ્રસ્ટને વિગતો આપવાં વિનંતી છે. જેથી અમો તેની જરૂરતમંદોને જાણકારી આપી શકીએ અને તેઓ કાયદાનો લાભ લઇ શકે.

(૨) નિયમ -૧૩ (૧) અને નિયમ - ૧૪ (૧) : ***વરિષ્ઠ નાગરિકની જિંદગી અને મિલ્કતના રક્ષણની ખાત્રી જિલ્લા મેજિસ્ટ્રેટ કરશે તેનો અર્થ શું થાય? તેનો અમલ કયા કાયદા હેઠળ કેવી રીતે અને કોણ કરશે?***

વરિષ્ઠ નાગરિકોની મિલ્કત અને જીવનના રક્ષણ માટે તેઓ કયાં પગલાં લેશે? તેની સ્પષ્ટતા નથી જેમ કે, મકાન માલિકને તેના પોતાના પુત્રવધુ / પુત્ર / સગાવહાલાં ઘર બહાર કાઢી મૂકે અને નિરાધાર થાય તેવા કિસ્સામાં જેમ પબ્લિક પ્રીમાઇસીંગ ઇવીક્શન એક્ટ ૧૯૭૨ હેઠળ છે તેવી કોઇ સત્તા પ્રાઇવેટ પ્રીમાઇસીંગ જિલ્લા મેજિસ્ટ્રેટને હોય તો જે તેઓ તાત્કાલિક, મિલ્કત પાછી અપાવી શકે. તેવા જ અધિકાર નિયમ-૧૪ (૧) હેઠળ શહેરોમાં પોલીસ કમિશનરશ્રી અને જિલ્લાઓમાં જિલ્લા પોલીસ અધિકારી માટે હોવા જરૂરી છે. જેથી તેઓ મારી નાંખવાની ધમકી સામે રક્ષણ આપી શકે. હાલની ફોજદારી નિયમોની પધ્ધતિ મુજબ રક્ષણ મેળવવામાં ઘણો સમય જતો હોય છે અને વૃધ્ધો માટે સક્ષમ હોતા નથી તેથી તેમને તાત્કાલિક પગલાં Summary Procedure ની કાયદાકીય સત્તા હોવી જોઇએ તેવું અમારું માનવું છે.

(૩) નિયમ - ૧૩ (૨) : *હેઠળનાં મુદ્દાઓ સંબંધી જણાવવાનું કે તેમાં જણાવેલી જોગવાઇઓ હોવા છતાં દેખરેખ અને નિયંત્રણ માટે દરેક બાબતદીઠ માપદંડો સ્પષ્ટ નક્કી થવા જોઇએ. આ જોગવાઇઓ અસ્પષ્ટ છે અને રોજબરોજના વહીવટમાં જિલ્લા મેજિસ્ટ્રેટને તે માટે જોવાનો કોઇ અવકાશ રહી શકતો નથી. તેથી આ પેટા નિયમો અને સમગ્ર નિયમોની એકદંરે જવાબદારી ભર્યા અમલ માટે ઓછામાં ઓછા વર્ગ -૨ કક્ષાના એક અધિકારીની નિમણૂંક કરવી જોઇએ જેથી આ કાયદા / નિયમો મુજબ અમલ થઇ શકે. અને વૃધ્ધજનોને તરત જ ન્યાય મેળવવા સવલત મળે. નહીં તો આ જોગવાઇઓ ઘણી સરસ હોવા છતાં અમલમાં નિષ્ફળતા જ રહેશે અને સરકારને જશને બદલે બદનામી મળશે, તેવું અમારું સ્પષ્ટ મંતવ્ય છે. હાલના સમાજ સુરક્ષા અધિકારી પાસે અનેક કાયદાઓની અને યોજનાઓના અમલની જવાબદારી હોવાથી, તેમના સિવાયના વધારાના એક ખાસ અધિકારી કલેક્ટરશ્રીની સીધી દેખરેખ હેઠળ આ નિયમોના સક્રિય અમલ માટે મુકવા જરૂરી છે અને તેમને વર્ગ-૩ નો જરૂરી સ્ટાફ પણ આપવો જરૂરી છે.*

(૪) નિયમ - ૧૪ (૨) : *એક્શન પ્લાનમાં જણાવેલી તમામ બાબતો પરત્વે જિલ્લાવાર, તમામ જિલ્લાઓમાં જે કાંઇ અમલ થયો છે તે બાબતની માહિતી, 'માહિતી અધિકાર' ના કાયદા હેઠળ સ્વયં પ્રકાશિત કરવાની રહે છે. અને જયાં જયાં બાકી હોય ત્યાં તેની સત્વરે પ્રસિધ્ધિ કરવા વિનંતી છે. નિયમોમાં જણાવેલ બાબતો ઘણી સારી છે પણ તેનાં દરેક મુદ્દાવાર દરેક જિલ્લામાં અમલ થાય તો જ તેનો હેતુ પાર પડે અને આ બાબતની બહોળી પ્રસિધ્ધિ આપવામાં આવે તો જ ગરીબ વૃધ્ધોની જાણકારી મળી શકે અને તેઓ તેનો લાભ મેળવી શકે. જિલ્લાવાર આ વિસ્તૃત માહિતી જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓને પણ પહોંચાડવી જોઇએ જેથી તેઓ જરૂરતમંદોને માહિતી આપી મદદ કરી શકે. વેબસાઇટ પર આ માહિતી મુકાય તે જરૂરી છે.*

(૫) નિયમ - ૧૫ અને નિયમ - ૧૬ : *વરિષ્ઠ નાગરિકોની 'રાજય કાઉન્સિલ' અને 'જિલ્લા સમિતિ' ઓની નિમણૂંક.*

આ અંગે જો રાજય અને જિલ્લા સમિતિઓની નિમણૂંકો થઇ હોય તો તેની અમને નકલ આપવા વિનંતી છે વળી તેની બહોળી પ્રસિધ્ધિ કરવી જોઇએ અને તેને વેબસાઇટ પર પણ મૂકવી જોઇએ.

જિલ્લા સમિતિઓમાં અને રાજય સમિતિઓમાં જિલ્લાની / રાજયની રજીસ્ટર્ડ થયેલી સીનીયર સિટિઝનોની સંસ્થાઓનાં પ્રતિનિધિઓને આ સમિતિઓમાં અચૂક મુકવા જોઇએ. જેથી જોડું કયાં ડંખે છે, તેની સાચી જાણકારી સમિતિને પણ થાય અને તેના ઉપાયો લઇ શકાય.

(૬) નિયમ - ૧૭ : *જરૂરતમંદ ગરીબ વૃધ્ધો માટે કાયદા - ૨૦૦૭ની કલમ ૧૯ ની નીચેના વૃધ્ધાશ્રમો બાબતે. હોય તેની જાહેરાત કરવી જરૂરી છે અને આ કાયદાના નિયમો હેઠળની અરજીના ફોર્મ કયાંથી મળે, અરજી કોને કરવાની છે, આ બધી બાબતો જિલ્લા અને તાલુકાના જનસેવા કેન્દ્રોમાં મુકાય અને તેવી વ્યવસ્થા જો ન થઇ હોય તો તરત જ જે તે અધિકારીઓના નામ સાથે, જવાબદારી સાથે નક્કી થવી જોઇએ.*

(૭) આ કાયદા / નિયમો હેઠળનાં દરેક વ્યક્તિગત કેસોની પ્રગતિનો અહેવાલ જિલ્લા કક્ષાએ કલેક્ટરશ્રી અને રાજય કક્ષાએ નિયામકશ્રી, સમાજ સુરક્ષા એ અચૂક પ્રસિધ્ધ કરતાં રહેવું જોઇએ. જેથી જનતાને તેની જાણ થાય, જરૂરતમંદો તે જાણી શકે, લાભ મેળવી શકે, આ બાબતો પણ વેબસાઇટ પર હોવી જરૂરી છે.

ઉપરોક્ત બાબતે હજુ સુધી જરૂરી સ્પષ્ટતાઓ અને નિમણૂંકોની જાણ ન હોવાને લીધે કેટલાંક વરિષ્ઠ નાગરિકોને બેસુમાર તકલીફો પડી રહી છે. જેમાં ખાસ કરીને પોતાની માલિકીની મિલ્કત ઘર કે અન્ય સામ્રગી, પોતાના પુત્ર / સગાં વહાલાંએ પડાવી લીધા છે અને માર માર્યો હોય છે અથવા ધમકી આપતાં હોય છે ને ઘરમાંથી બહાર કાઢી મૂકયા હોય છે પરિણામે ગમે તેવી હાલતમાં બીજા અન્ય કોઇનાં સહારે નિરાધાર પરોપજીવી જીવન વિતાવવું પડે છે. રાજયનાં અન્ય હયાત કાયદાઓ હેઠળ આવા કેસોમાં ન્યાય મળતાં વર્ષો નીકળી જાય જે વરિષ્ઠ નાગરિકો માટે ૭૫-૮૦ વર્ષની ઉંમરે આ રીતે ન્યાય મેળવવો તેમને માટે શક્ય નથી, ઉચિત નથી, ઉપયોગી નથી પરંતુ જો ત્રસ્ત નિરાધાર વૃધ્ધોને, મા-બાપ અને વરિષ્ઠ નાગરિકનાં ભરણપોષણ અને કલ્યાણ કાયદો ૨૦૦૭ ના નિયમો - ૨૦૧૧ હેઠળની જોગવાઇ અનુસાર ઉપર દર્શાવ્યા મુજબની ખુટતી સ્પષ્ટતાઓ સાથે જે તે નિયમના અધિકારી દીઠ ફરજ અને જવાબદારી સાથેની નિમણૂંકના પગલાં લેવાય તો ત્રસ્ત મા-બાપ, વરિષ્ઠોને આપણા રાજયમાં કમોતે મરવું ન પડે.

આપણાં ગુજરાતમાં એક જાણીતા વયોવૃધ્ધ સાહિત્યકાર આ પ્રકારનો ભોગ બન્યાં છે અને છેલ્લા ૨ વર્ષથી પરેશાન થઇ રહ્યાં છે.

એક બીજા આશરે ૭૮ વર્ષના વિધવા માજી છે જેમને પોતાના સહમાલિકીનાં ઘરમાંથી પુત્રવધૂએ મારી નાખવાની ધમકી આપીને કાઢી મુકેલ છે જે હાલ ગાંધીનગરમાં તેમની પરિણિત દીકરીને ઘેર નોંધારા જીવી રહ્યાં છે. તેઓની હાલત એટલી નાજુક છે કે પુત્રવધૂ પાસે રહેલાં કેટલાક જરૂરી દસ્તાવેજી કાગળો પણ ત્યાં જઇને લેવાની હિંમત કરી શકતા નથી.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૬મી મે

- *રશિયાના આધુનિક જીવનના ઘડવૈયા પુશ્કિનનો જન્મદિન.*

કોકેસનનો કેદી, બખ્શી સરાઇનું ઝરણું, બાેરિસાગાેજૂનાફ, યુજિનઓજિન, કેપ્ટનની કુંવરી, કાળીની રાણી તેમની સર્વોત્કૃષ્ઠ ગદ્ય પદ્ય રચનાઓ છે. ગેટે-શેક્યપિયરની કક્ષાના પુશ્કિનનું સાહિત્ય વાંચકને વશીભૂત કરે તેવું છે.

- *ભાષાશાસ્ત્રના વિદ્વાન હરિવલ્લભ ભાયાણીની જન્મજયંતિ : ૧૯૧૭*
- *૧૯૨૪માં મોંગોલિયાનું છેલ્લા રાજવીનું અવસાન. તેના શરીરને સડા વિરોધી દવાઓથી ભરી દેવાયું. સોનામાં મઢાવીને મોંગોલિયાના ઉલાનબટોર ખાતે રાજ સિંહાસન પર મુકી રાખવામાં આવ્યું છે.*

ફલશ્રુતિ

સાહિત્ય અને કેળવણીના ક્ષેત્રની કામગીરીની છેવટની ફલશ્રુતિ તે જીવનને સમદ્ધ કરવું, લોકશાહીને સાંસ્કૃતિક રીતે પગભર બનાવવી, એ નથી શું? દેશની વસ્તીના ૨૦ ટકા લોકો હરિજનો અને આદિવાસીઓ છે. તેમાં પછાત જાતિના લોકોને ઉમેરીએ તો કુલ ૭૦ ટકા વસ્તી થાય. ૭૦ ટકા લોકો ન ઈચ્છવા જેવી સ્થિતિમાં જીવન ગુજારતા હોય, તે સંજોગોમાં કોઈ લોકશાહી સાંસ્કૃતિક, આર્થિક કે સામાજિક રીતે પગભર થઈ શકે નહિ.

- ઉમાશંકર જોશી

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ

સર્જક સેતુ - રૂબરૂ મુલાકાત
સાહિત્ય સર્જક : શ્રી. ભી. ન. વણકર
મુલાકાતી : મૂળજીભાઇ પરમાર 'દધિ'
તા. ૨૪-૫-૨૦૧૨
સમય : સવારે ૯ થી ૧૧

મૂળજીભાઇ : નમસ્કાર, મુરબ્બી શ્રી ભીખુભાઇ,

ભી.ન.વ. : નમસ્કાર 'દધિ' - વૅલકમ!

મૂળજીભાઇ : સૌ પ્રથમ તો આપશ્રીને ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ દ્વારા શ્રીમતી લીલાવતી ચીમનલાલ મહેતા એવોર્ડથી નવાજવામાં આવયા તે બદલ; અંતરના ઊર્મિ ભર્યાં અભિનંદનસહ, દધિ છલકતી શુભકામનાઓ!

આભાર મૂળજીભાઈ.

મૂળજીભાઇ : ભીખુભાઈ, આપે સાહિત્ય સર્જન કયારથી શરૂ કર્યું અને પ્રથમ કૃતિ કઈ?

ભી.ન.વ. : ૧૯૬૧ થી, પ્રથમ કૃતિ 'કવિતા' - 'ઝંખના' પ્રગટ થયેલી જેના અંશો :

ભલે મારા દેહે, સકલ તનમાં શોણિત વહો
અને મારા હૈયે, સકલ જનના તાપ જ લહો
છતાં હૈયું ઝંખે, મનુજ ઉરમાં ચેતન ધરૂં
અને હૈયા ગાને જગતભરમાં સૌરભ ભરૂં

આ પ્રથમ કવિતા, સૌ પ્રથમ કૉલેજના ભીંતપત્ર પર અને ત્યાતબાદ 'ત્રિવેણી' નામના એમ.એન. કૉલેજ - વિસનગરના મેગેઝીનમાં પ્રસિધ્ધ પામેલ. ત્યારબાદ પ્રથમ વાર્તા જુલાઇ - ૧૯૮૬ માં 'વિલોપન' ચાંદનીમાં પ્રગટ થઈ.

મૂળજીભાઇ : સાહિત્યમાં પ્રતિબધ્ધતા બાબતમાં આપશ્રી શું માનો છો?

ભી.ન.વ. : જે શબ્દ અર્થ લઈને આવે છે, તે પ્રત્યેક શબ્દ પ્રતિબધ્ધ હોય છે. સાહિત્યમાં પ્રતિબધ્ધતા ન હોય તે કેમ ચાલે? તે ખૂબ જ જરૂરી છે અને તેમાંય ખાસ કરીને સામાજિક પ્રતિબધ્ધતા કહી શકીએ. પ્રત્યેક સાહિત્ય પ્રતિબધ્ધતાથી જાડાયેલ હોય છે. સર્જકમાં સામાજિક મોટી જવાબદારી હોય છે. આમ પ્રતિબધ્ધતા સાહિત્યમાં હોઈ શકે.

મૂળજીભાઇ : અત્યાર સુધીમાં આપે કયા કયા સાહિત્ય પ્રકારોમાં ખેડાણ - સર્જન કર્યું છે?

ભી.ન.વ. : (૧) કવિતા (૨) લઘુકથા (૩) ટૂંકી વાર્તા (૪) નિબંધ (૫) ચરિત્ર અને (૬) વિવેચનમાં સર્જક કર્યું છે. મુખ્યત્વે ખેડાણ કવિતા, વાર્તા અને વિચેચનમાં.

મૂળજીભાઇ : હાલમાં આપને જે એવોર્ડથી નવાજમાં આવ્યા છે તે કોઈ પુસ્તક માટે છે કે, સમગ્ર સાહિત્યનાં સર્જક માટે મળેલ છે?

ભી.ન.વ. : ટૂંકી વાર્તામાં 'વિલોપન' નામનાં વાર્તાસંગ્રહ માટે. જે તમામ વાર્તાઓ સામાજિક પ્રતિબધ્ધ છે.

મૂળજીભાઇ : આપને 'વિલોપન' વાર્તા સંગ્રહ માટે એવોર્ડ મળેલ છે તો આપના મતે શ્રેષ્ઠ વાર્તાઓ કઈ છે?

ભી.ન.વ. : સર્જકને બધીજ વાર્તાઓ પ્રિય હોય છે. પરંતુ (૧) વંટોળ (૨) વિલોપન અને (૩) ગોરૂચંદનને વધુ સારી વાર્તાઓ અને મારી પ્રિય અને મારા મતે શ્રેષ્ઠ વાર્તાઓમાં મૂકી શકાય.

મૂળજીભાઇ : અગાઉ આપને બીજા કયાં કયાં એવોર્ડ કે પારિતોષિક, કયાં સર્જન માટે મળેલ છે?

ભી.ન.વ. :(૧) રાજયનો 'સંત કબીર એવોર્ડ' - શ્રેષ્ઠ દલિત સાહિત્ય માટે, જેમાં રૂા. પચાસ હજાર, પ્રશસ્તિપત્ર, શાલ અને સન્માન. (૨) ગુજરાત સાહિત્ય સંગમ તરફથી 'નારણ ગુરૂ' - (કેરાલાના સંતના નામે) એવોર્ડ, જે સમગ્ર ગુજરાતી સાહિત્ય ઉપર.

અને (૩) છેલ્લે આ શ્રીમતી લીલાવતી ચીમનલાલ મહેતા એવોર્ડ.

મૂળજીભાઇ : એવોર્ડ કે પારિતોષિકથી સાહિત્ય સર્જનમાં ફરક પડે કે કેમ? તે બાબતમાં આપશ્રીનું શું મંતવ્ય છે?

ભી.ન.વ. : આમ તો મારૂં અંગત મંતવ્ય છે કે, પારિતોષિક કે એવોર્ડથી સાહિત્ય સર્જનમાં કોઈ ફેર પડતો નથી. સાહિત્ય સર્જન થયા પછીનું - પારિતોષિક કે એવોર્ડ હોય છે. તેમ છતાં, પ્રોત્સાહિત કરે એ ચોક્કસ અને સન્માનિત થવું એ સર્જક માટે એક સારી - ગણનાપાત્ર કૃતિ માટેનું વિશ્વાસ પ્રદાન કરે છે. સાહિત્ય સર્જન એ સર્જકની અંગત અનિવાર્યતા છે, એટલે તેને સન્માન મળે કે ન મળે તેનો તેને કોઈ તમા હોતી નથી.

મૂળજીભાઇ : આપના સાહિત્ય સર્જનનું પરિબળ અને પ્રેરક બળ કયું છે? પ્રેરણામૂર્તિ કોણ છે? આપના પ્રિય સર્જકો કયા છે?

ભી.ન.વ. : પ્રારંભમાં તો સામાજિક વેદના, અવહેલના અને ઉપેક્ષા રહેલાં છે. અત્યાચાર જોયો છે એ સહ્યો છે. પછી કયારેક 'મા' નાં આંસુ, કયારેક અભાવ અને ત્યારબાદ ડૉ. બાબાસાહેબની વિચારધારા પ્રેરક બનેલ છે. અને મને સતત લખવા પ્રેર્યો છે.

મારા પ્રિય સર્જકો (૧) પ્રેમચંદ (૨) ગોર્કી (૩) ખલિલ જિબ્રાન (૪) વિષ્ણુ પ્રસાદ (૫) ઉમાશંકર જોષી (૬) જોસેફ મેકવાન છે.

શબ્દ સેતુ

- નટવર હેડાઉ
- મૂળજીભાઈ પરમાર 'દધિ'

મૂળજીભાઇ : 'આનંદેન સંયુભ્યતે ઈતિ સાહિત્યમ્' આ બાબતે ભીખુભાઈ આપશ્રીનો અંગત અભિપ્રાય શું છે?

ભી.ન.વ. : માત્ર આનંદ હોય તો, ઘણા પ્રકારનાં આનંદો ઉપલબ્ધ છે. સાહિત્ય માત્ર આનંદ નથી, એમાં માનવજીવન અને સમાજ સંકળાયેલાં છે. અને માનવજીવન તો શ્રી આનંદ શંકર અને કવિ શ્રી ઉમાશંકરે 'કવિતા' એટલે આત્માની કલા, એમ કહ્યું છે.

મૂળજીભાઇ : આપશ્રી વાંચકોને - ભાવકોને કોઈ સંદેશ આપવા માગો છો?

ભી.ન.વ. : ટેવ પાડો તો વાંચનની. વાચક અને ભાવક જો સહૃદયતાથી વાંચશે નહીં તો નવું સાહિત્ય સર્જાશે નહીં. સમાજ અને સંસ્કૃતિ સાહિત્ય પર જીવે છે. સૌએ સાહિત્યનું સન્માન કરવું જોઈએ.

મૂળજીભાઇ : સાંપ્રત સમાજની વિકૃતિઓનાં વધેલા વ્યાપ તથા માનવમૂલ્યોના થઈ રહેલ ધોવાણ અને હનન તરફ સાહિત્ય સર્જકની જવાબદારી અને કર્તવ્ય અંગે આપશ્રીનું મંતવ્ય જણાવશો?

ભી.ન.વ. : માનવતા મુલક સાહિત્યનું સર્જક થવું જોઈએ. મારી દૃષ્ટિએ જે સાહિત્યમાં 'માનવ' નથી, તે સાહિત્ય નથી. ચોમેર વિકૃતિઓની સુનામી માણસને ભીંસી રહી છે. ત્યારે, સર્જકની સમાજ પ્રત્યેની અને માનવ પ્રત્યેની એક વિશેષ જવાબદારી છે કે, તેનું સાહિત્ય માનવ મૂલ્ય ધરાવતું, સમાજનિષ્ઠ સાહિત્ય હોવું જોઈએ.

મૂળજીભાઇ : સાહિત્ય સર્જક અને પુસ્તકો / લાઈબ્રેરીની સંગત વિષે આપશ્રીનું મંતવ્ય શું છે? આપશ્રીની અંગત લાઈબ્રેરીમાં કેટલાં અને મુખ્યત્તવે કયા પ્રકારનાં પુસ્તકો છે?

ભી.ન.વ. : જે વાંચતો નથી તે કદાપિ ઉત્તમ સાહિત્ય સર્જક બની શકતો નથી.

મારી અંગત લાઈબ્રેરીમાં અંદાજે પાંચ હજારથી વધુ પુસ્તકો છે. જેમાં મુખ્યત્વે કવિતા, વિવેચન, જીવન ચરિત્ર, તત્ત્વજ્ઞાન અને ધાર્મિક - વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત વિગેરે છે.

મૂળજીભાઇ : આપે લલિત સાહિત્યનું પણ ખેડાણ કર્યું છે છતાં, આપને લલિત સાહિત્યકારની ઓળખ શા માટે?

ભી.ન.વ. : લલિત સાહિત્યમાં માત્ર કલા ઉપર વધુ મહત્ત્વ અપાયું છે, જયારે મારૂં ઘણું બધું સાહિત્ય જીવનલક્ષી અથવા સમાજલક્ષી છે. અલબત્ત સાહિત્યમાં કલા નિહિત છેષ એટલે કળાનો ઈન્કાર નથી કરતો. સાહિત્ય દ્વારા સામાજિક ગૌરવ અને ગરિમાને મેં આલેખવા પ્રયત્ન કર્યો છે. સામાજિક પ્રતિબધ્ધતા પણ હોવાને કારણે, હું દલિત સાહિત્યકાર છું એનું મને ગૌરવ છે.

મૂળજીભાઇ : આપની સવિશેષ અભિરૂશી શામાં છે અને આપનું આગામી પ્રકાશન કયું છએ?

ભી.ન.વ. : સાહિત્ય અને સમાજ પ્રત્યે મને સવિશેષ અભિરૂચી છે.

આગામી પ્રકાશન 'અસ્મિતા દર્શ' નામનો ચરિત્રગ્રંથ છે, જેમાં વૈદિક યુગનાં ૨૩ જેટલા ઋષિઓનું 'ઋષિ ચરિત્રો' નું આલેખન થયેલું છે.

મૂળજીભાઇ : આપશ્રી લિખિત કેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. અને તે કયાં કયાં?

ભી. ન. વ :૧૯ (ઓગણીસ પુસ્તકો) જેમાં કવિતા સંગ્રહમાં (૧) યાદ (૧૯૯૩) (૨) ઑવર બ્રિજ (૨૦૦૧) (૩) અનુબંધ (૨૦૦૪) (૪) મૌનના મુકામ પર (૨૦૦૦)- વાર્તાસંગ્રહ (૫) વિલોપન (૨૦૦૧) - લઘુકથા સંગ્રહ (૬) ચીસ (૨૦૦૬) (૭) ચીખ (૨૦૧૦), હિન્દી અનુવાદ - ડૉ. ધનંજય ચૌહાણ - વિવેચન) (૮) પ્રત્યાયન (૧૯૯૪) (૯) અનુસંધાન (૨૦૦૧) (૧૦) નવોન્મેષ (૨૦૦૩) (૧૧) પર્યાય (૨૦૦૪) (૧૨) દલિત સાહિત્ય (૨૦૦૫) (૧૩) વિવૃત્તિ (૨૦૦૮) - ચરિત્ર લેખન (૧૪) રણદ્વીપ (૨૦૦૩) (૧૫) અનહદ (૨૦૦૭) (૧૬) અસ્મિતા દર્શ (૨૦૧૨) - કવિતા આસ્વાદ (૧૭) યથાર્થ (૨૦૦૩) (૧૮) સૂર્યાયન (૨૦૦૬) - નિબંધ (૧૯) અનુચ્છેદ (૨૦૦૪).

સાહિત્ય સમાચાર સેતુ

- ગાંધીનગર સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ ખાતે રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીની પ્રેરક ઉપસ્થિતિમાં, જાણીતા સમાજસેવી અરૂણભાઈ બૂચને તામ્રપત્ર અર્પણ થશે તેમજ તેમના જીવનના પ્રેરક અને યાદગાર પ્રસંગોનું પુસ્તક 'કર્મયોગી અરૂણભાઈ' નું વિમોચન થશે. આ પ્રસંગે 'સામાજિક સેવામાં સામાજિક કાર્યકરની જવાબદારી' વિષય પર સંતશ્રી રમેશભઆઈ ઓઝા વ્યકવ્ય રજૂ કરશએ. આ કાર્યક્રમ રવિવાર તા. ૨૭-૫-૨૦૧૨ સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ દરમિયાન રાખવામાં આવેલ છે.

- બાળ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર દ્વારા, વાર્તા સ્પર્ધા - ૨૦૧૨ નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. ગુજરાતી હિન્દી કે અંગ્રેજી ભાષામાં અને ૧૫૦૦ શબ્દોની મર્યાદામાં આ વાર્તાઓ ૦-૭ વર્ષ, ૮ થી ૧૨ વર્ષ અને ૧૩ થી ૧૫ વર્ષના તેમજ વયજૂથ માટે પ્રથમ પુરસ્કાર ૫૦૦૦, દ્વિતિય ૩૦૦૦ અને તૃતીય ૨૦૦૦ તેમજ ૫૦ જેટલા તા. ૧૫ જુલાઈ ૨૦૧૨ સેકટર-૧૯ ગાંધીનગરને મોકલવાની છે
- જાણીતા કવિ પ્રવિણ ગઢવી તાજેતરમાં યુરોપનાં પ્રવાસે જઈને પરત ફર્યા છે.
- દલિત સાહિત્ય અકાદમીના સહયોગથી શિવશક્તિ માધ્યમિક શાળા ચાંદખેડા ખાતે દલિત સાહિત્ય પુસ્તક મેળાનું આયોજન થયું છે. તા. ૨૬ અને ૨૭ મે ના રોજ સવારે ૧૦ થી ૮ દરમિયાન જાહેર જનતા માટે તે ખુલ્લો રહેશે. આ વિશિષ્ટ પુસ્તક મેળાનો પ્રારંભ ગુજરાતના પીઠ પત્રકાર પ્રકાશ ન. શાહનાં વરદ્ હસ્તે થશે. અતિથિ વિશેષ તરીકે જાણીતા સાહિત્યકાર ડૉ. હરિશ મંગલમ્ અને ચંદુભાઈ મહેરિયા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમનાં અધ્યશ્ર તરીકે ગુજરાત યુનિવર્સિટીનાં સમાજ શાસ્ત્ર વિભાગના અધ્યક્ષ મનુભાઈ મકવાણા ઉપસ્થિત રહેશે.

ગ્રંથ સેતુ

સાભાર સ્વીકાર -

● કલશોર (બાળ કાવ્યો)
કવિ - કાંતિભાઇ એમ. શર્મા
પ્રકાશક - રન્નાડે પ્રકાશન, અમદાવાદ
કિંમત - રૂા. ૬૫, પૃષ્ઠ - ૩૭

વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કાંતિભાઇ એમ. શર્મા ઉત્તમ કોટિનાં તસ્વીરકાર છે એવા જ સારા સાહિત્યકાર છે. 'કલશોર' નાં કાવ્યોમાં બાળ ભોગ્યતા અને બાળ સહજતા તેમજ સરળતા જોતાં તેઓ પ્રથમ કાવ્ય સંગ્રહ દ્વારા સાહિત્ય જગતમાં પદાર્પણ કરી રહ્યાં છે. ત્યારે તેમને શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું.

● 'વરિષ્ઠ કલ્યાણ ગ્રંથ' સારાંશ અને અવલોકનો
લેખન અને સંપાદન - અમૃતભાઇ મોઢ
પ્રકાશન - વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ, ગાંધીનગર
આવૃત્તિ - ૨૦૧૧, કિંમત - રૂા. ૨૦

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા અને ૨૦૧૦ માં પ્રકાશિત થયેલ ૩૧૨ પાનાનાં દળદાર 'વરિષ્ઠ કલ્યાણ ગ્રંથ' ને ખૂબ બહોળો લોકાદર પ્રાપ્ત થયો તેને અભિવ્યક્ત કરતા પત્રો, અભિવ્યક્તિઓ, અભિનંદન ને સંગઠિત કરીને આ નાની પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે. સતત કાર્યશીલ રહીને આ ઉમદા કાર્ય કરવા બદલ અમૃતભાઇ મોઢને અભિનંદન.

● ગુર્જર બાળવાર્તા વૈભવ
સંપાદકો - યશવંત મહેતા, શ્રધ્ધા ત્રિવેદી
પ્રકાશક - ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

ગુર્જર બાળવાર્તા વૈભવ શ્રેણી અંતર્ગત વીસ લેખકોની શ્રેષ્ઠ બાળ વાર્તાઓનું સંપાદન બાળ સાહિત્યના વરિષ્ઠ સાહિત્યકાર દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં દરેક પુસ્તકમાં ૧૫૨ + ૮ પાનામાં લેખકનો ટૂંકો પરિચય તેમજ ૨૦ થી ૩૦ વાર્તાઓ આપવામાં આવેલ છે. સુંદર સંપાદન અને પ્રકાશન બદલ અભિનંદન!